તાપમાન
મહત્તમ : ૩૯.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૮ ડીગ્રી
ભેજ
સવારે ૫૮ ટકા ● સાંજે ૨૦ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૪૦ ૨૧ એપ્રિલ, ૨૦૧૬, ગુરુવાર ; ચૈત્ર સુદ - ૧૪ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# રાષ્ટ્રપતિના નિર્ણયની પણ સમીક્ષા થઇ શકે :હાઈકોર્ટ

## બરખાસ્ત મુખ્યમંત્રી હરિશ રાવતની અરજી, ઉત્તરાખંડમાં રાષ્ટ્રપતિ શાસનને પડકાર ફેંકતી અરજી ઉપર સુનાવણી કરતી વેળા ઉત્તરાખંડ હાઈકોર્ટનું તારણ

નૈનીતાલ,તા. ૧૯

ઉત્તરાખંડમાં રાષ્ટ્રપતિ શાસનના મામલે જોરદાર કાયદાકીય દલીલોનો દોર ચાલી રહ્યો છે. ઉત્તરાખંડ હાઈકોર્ટે હવે કહ્યું છે કે, રાજ્ય વિધાનસભાને સસ્પેન્ડ કરવાના રાષ્ટ્રપતિના નિર્ણયની કાયદેસરતાની ન્યાયિક સમીક્ષા થઈ શકે છે. કારણ કે, રાષ્ટ્રપતિના નિર્ણય પણ ખોટા હોઈ શકે છે. હાઈકોર્ટે સાફ શબ્દોમાં કહ્યું છે કે, રાષ્ટ્રપતિના નિર્ણયની ન્યાયિક સમીક્ષા શક્ય છે. એનડીએ સરકારે હાલમાં જ એવી દલીલ કરી હતી કે, રાષ્ટ્રપતિએ પોતાની રાજકીય બુદ્ધિશક્તિ હેઠળ બંધારણની કલમ ૩૫૬ હેઠળ આ નિર્ણય કર્યો હતો.



મુખ્ય ન્યાયાધીશ કેએન જોસેફ અને ન્યાયમૂર્તિ વીકે બિસ્ટની બેંચે કહ્યું હતું કે, લોકોથી ભુલ થઇ શકે છે. રાષ્ટ્રપતિ અથવા ન્યાયાધીશથી ભુલ થઇ શકે છે. કોર્ટે કહ્યું હતું કે, રાષ્ટ્રપતિની સમક્ષ રજૂ કરવામાં આવેલા મામલાઓ અને તથ્યોના આધાર પર કરવામાં આવેલા નિર્ણયની ન્યાયિક સમીક્ષા થઈ શકે છે. રાષ્ટ્રપતિ સમક્ષ રજૂ કરવામાં આવેલા તથ્યો ઉપર તેમની સમજ અદાલત કરતા જુદી હોઈ શકે છે તેવા કેન્દ્રના નિવેદન બાદ કોર્ટે આ મુજબનું તારણ આપ્યું હતું. કેન્દ્ર સરકારે કોર્ટ દ્વારા કેટલીક બાબતો અંગે માહિતી મેળવવાના પ્રયાસ કરવામાં આવતા આ મુજબની વાત કરવામાં આવી હતી. ઉત્તરાખંડની સ્થિતિના સંદર્ભમાં રાજ્યપાલ દ્વારા રાષ્ટ્રપતિને મોકલવામાં આવેલા અહેવાલથી અમે સમજી રહ્યા હતા કે, દરેક બાબત ૨૮મી માર્ચના દિવસો વિધાનસભાના શક્તિપરીક્ષણની દિશામાં જઇ રહી હતી. સુનાવણી દરમિયાન હાઈકોર્ટે એમ પણ કહ્યું હતું કે, રાજ્યપાલે રાષ્ટ્રપતિને મોકલવામાં આવેલા અહેવાલમાં આ બાબતનો પુણ ઉલ્લેખ કરાયો ન હતો કે, ૩૫ ધારાસભ્યો દ્વારા મત વિભાજનની માંગ કરવામાં આવી છે.

કોર્ટે કહ્યું હતું કે, રાજ્યપાલને વ્યક્તિગતરીતે સંતુષ્ટ હોવું જોઈએ.

● અનુસંધાન પાન-૭ પર


## લોક વિકાસ મંચ

### લોક વિકાસ મંચની ગાંધીનગરની જાહેર જનતાને અપીલ

સુજ્ઞ નગરજનો,

પાટનગર ગાંધીનગર એ કર્મચારીઓએ વસાવેલ શહેર છે અને કર્મચારીઓએ ભૂતકાળમાં આપેલ ભોગને કારણે આ શહેરનો સર્વાંગી વિકાસ થયેલ છે, પરંતુ રાજકીય પક્ષો દ્વારા કર્મચારીઓની ઉપેક્ષા થતી રહી છે, આથી કર્મચારીઓનાં સપનાં સાકાર કરવા અને આ કર્મચારીનગરનું શાસન કર્મચારીઓ સંભાળે તે માટે, કર્મચારીઓ અને નાના વેપારીઓનો એક પક્ષ 'લોક વિકાસ મંચ' સ્થાપી નગરના અનુભવી, સેવાભાવી અને બુદ્ધિજીવી એવા ૨૫ ઉમેદવારોએ ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીમાં 'લોક વિકાસ મંચ' તરફથી ઉમેદવારી કરી હતી. મુખ્ય બે પક્ષોએ સામ, દામ, દંડ અને દબાણની નીતિ અપનાવી, અમારા આઠ ઉમેદવારોને ઉમેદવારી પત્ર પાછા ખેંચવાની ફરજ પાડી છે. આમ અમારા પક્ષમાં હવે કુલ ૧૬ ઉમેદવારો ચૂંટણી જંગમાં લડી રહ્યા છે. આ નવો પક્ષ છે, ટાંચા સાધનો છે અને અપૂરતું ફંડ હોવા છતાં સેવા / વહીવટના લાંબા અનુભવને કારણે અમોએ ટૂંકા સમયગાળામાં આપ સુધી પહોંચવા પ્રયત્ન કર્યો છે. આમાં અમારી કોઈ કચાશ રહી હોય એને દરગૂજર કરી, અમારા નીચેના ઉદ્દેશોને પરિપૂર્ણ કરવા, અમારા નીચેના ઉમેદવારોને મત આપી/અપાવીને વિજયી બનાવવા નમ્ર અપીલ છે.

ડાહ્યાભાઈ ટી. પટેલ
પ્રમુખ

### ગાંધીનગર મહાનગરપાલિકા ચૂંટણી-૨૦૧૬

લોક વિકાસ મંચ કટિબદ્ધ છે...

- મિલકત વેરામાંથી સંપૂર્ણ મુક્તિ...
- કર્મચારીઓએ વસાવેલ નગરમાં, સક્ષમ, અનુભવી અને સેવાભાવી બુદ્ધિજીવી કર્મચારીઓ, વેપારીઓ દ્વારા કરકસરયુક્ત અને પારદર્શક વહીવટ.
- ગાંધીનગરનો વહીવટ રાજ્ય સરકારને પુનઃસુપરત કરવા અને જરૂર પડ્યે કાયદેસરની અદાલતી કાર્યવાહી કરવા.
- નાગરિકોની સમસ્યાઓના સંતોષપૂર્ણ નિવારણ માટે વોર્ડ દીઠ કચેરી ઉભી કરવી.
- ગાંધીનગરને પાટનગર તરીકેનો ખાસ દરજ્જો અપાવી, શહેરને ખરા અર્થમાં સ્માર્ટસીટી બનાવવું.

**વોર્ડ નં. ૧**

| ઉમેદવારનો ક્રમ | નામ |
|---|---|
| ૧૦ | ડાહ્યાભાઈ ત્રિભોવનદાસ પટેલ - ઈટાદરાવાળા |
| ૧૧ | રતનબેન યોગેશભાઈ રાવલ |
| ૧૨ | રમેશચંદ્ર મફતલાલ પટેલ - ફુકરવાડાવાળા |

**વોર્ડ નં. ૩**

| ઉમેદવારનો ક્રમ | નામ |
|---|---|
| ૯ | જીતમલભાઈ રૂમાલભાઈ ડામોર |

**વોર્ડ નં. ૪**

| ઉમેદવારનો ક્રમ | નામ |
|---|---|
| ૧૦ | ડૉ. અમૃતભાઈ સવાભાઈ સોલંકી |
| ૧૧ | મનુપ્રસાદ નટવરલાલ મહેતા |
| ૧૨ | રમિલાબેન રાજેન્દ્રભાઈ સુથાર - રૂપાલવાળા |

**વોર્ડ નં. ૫**

| ઉમેદવારનો ક્રમ | નામ |
|---|---|
| ૧૧ | હરગોવિંદ રામાભાઈ ભાન્ડે |

**વોર્ડ નં. ૬**

| ઉમેદવારનો ક્રમ | નામ |
|---|---|
| ૯ | કિશોર ચંદ્રકાન્ત તામ્હણે |
| ૧૦ | નલિની જયંત નાગર |
| ૧૧ | રમિલાબેન ડાહ્યાભાઈ રાઠોડ |

**વોર્ડ નં. ૭**

| ઉમેદવારનો ક્રમ | નામ |
|---|---|
| ૧૬ | જગતસિંહ નહારસિંહ ચંપાવત |
| ૧૭ | રમિલાબેન પ્રહ્લાદભાઈ વાઘેલા |
| ૧૮ | રશ્મિકાંત નટવરલાલ પંડ્યા |

**વોર્ડ નં. ૮**

| ઉમેદવારનો ક્રમ | નામ |
|---|---|
| ૧૪ | દિનેશભાઈ મૂળજીભાઈ પરમાર |
| ૧૫ | પ્રહ્લાદભાઈ ઈશ્વરભાઈ પટેલ |

ચૂંટણી તા. ૨૪/૪/૨૦૧૬, રવિવાર, સમય : સવારે ૮-૦૦ થી સાંજના ૫-૦૦ કલાક સુધી

પ્રકાશક : લોક વિકાસ મંચ, ગાંધીનગર


# એક વર્ષમાં પાંચ રાષ્ટ્રીય પક્ષોની આવક ૩૯ ટકા સુધી વધી

## ભાજપ સહિતના પક્ષોની આવક વધીને ૧૨૭૫ કરોડ થઇ છે : એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મના આંકડામાં ઘટસ્ફોટ કરવામાં આવ્યો ભાજપની આવક સૌથી વધારે ૪૪ ટકા વધી અને આંકડો ૯૭૦ કરોડ થયો

નવી દિલ્હી,તા. ૨૦

પાંચ રાષ્ટ્રીય પક્ષો ભાજપ, સીપીઆઈ, સીપીએમ, એનસીપી એ બહુજન સમાજ પાર્ટીને કુલ ૧૨૭૫ કરોડ રૂપિયાની રકમ દાન તરીકે મળી છે. ભાજપને છેલ્લા એક વર્ષના ગાળામાં સૌથી વધારે દાન મળ્યુ છે. પાર્ટીની કુલ આવક અને ખર્ચના આધાર પર હાલમાં આંકડા તૈયાર કરવામાં આવ્યા છે. એસોસિએશન ફોર ડેમોક્રેટિકસ રિફોર્મ તરફથી કરવામાં આવેલા નવા અંદાજમાં આ મુજબની વાત કરવામાં આવી છે. રાજકીય પાર્ટીઓની આવકમાં જંગી વધારાનો અંદાજ આનાથી જ મુકી શકાય છે કે વર્ષ ૨૦૧૩-૧૪માં કુલ આવક ૯૨૦ કરોડ હતી. આ આંકડો વર્ષ ૨૦૧૪-૧૫માં વધીને ૧૨૭૫ કરોડ સુધી પહોંચી ગયો હતો. આમાં ભાજપની આવક સૌથી વધારે વધી

● અનુસંધાન પાન-૭ પર




## આનંદીબેન પટેલ પ્રધાનમંત્રી અને અમિત શાહ સાથે પાટીદાર પ્રશ્ને ચર્ચા કરશે

ગાંધીનગર, તા. ૨૦

મહેસાણામાં જેલભરો આંદોલને હિંસક સ્વરુપ ધારણ કરી લીધા બાદ હાલમાં જ હિંસા ભડકી ઉઠી હતી. પાટીદારો ફરીવાર આક્રમક બની રહ્યા છે ત્યારે ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ શનિવારના દિવસે દિલ્હી જવાની તૈયારીમાં છે. આનંદીબેન મુખ્યમંત્રીઓની પરિષદમાં હાજરી આપશે. આ ગાળા દરમિયાન તેઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપ પ્રમુખ અમિત શાહ સાથે વાતચીત કરશે. આ વાતચીત દરમિયાન પાટીદારોનો મુદ્દો છવાય તેવી શક્યતા દેખાઈ રહી છે. પાટીદારોને લઈને ગુજરાત સરકારની હાલમાં ઉંઘ હરામ થયેલી છે. પાટીદાર સમુદાય સાથે સમાધાનના તમામ પ્રયાસો કરાઈ રહ્યા હોવા છતાં સ્થિતિમાં સુધારો થઈ રહ્યો નથી. પાટીદારની ઘણી માંગણીઓ સ્વીકારવામાં પણ આવી છે. પાટીદાર આગેવાનો અને મંત્રીઓની કમિટી વચ્ચે યોજાયેલી બેઠકમાં સરકારે પાસ કન્વીનર હાર્દિક પટેલને જેલમાંથી મુક્ત કરવાની અને અનામતની મુખ્ય માગણીઓ અંગે પ્રદેશ તેમજ રાષ્ટ્રીય નેતાગીરી સાથે ચર્ચા બાદ નિર્ણય લેવાનું જણાવ્યું છે ત્યારે રવિવારે મુખ્યમંત્રી આનંદીબહેન પટેલ દિલ્હી જઈ રહ્યાં છે. આ વખતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહ સાથે ચર્ચા થાય તેવી શક્યતા જોવાઈ રહી છે. રવિવારે દિલ્હીમાં યોજાનારી તમામ હાઈકોર્ટની ચીફ જસ્ટિસ અને તમામ રાજયોના મુખ્યમંત્રીઓની કોન્ફરન્સમાં હાજરી આપવા મુખ્યમંત્રી અને કાયદા મંત્રી પ્રદીપસિંહ જાડેજા પણ દિલ્હી જશે. સૂત્રોના કહેવા પ્રમાણે મુખ્યમંત્રી આનંદીબહેન શનિવારે સાંજે દિલ્હી જાય તેવી શક્યતા છે.

